# <u>એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં:૨૫,અમદાવાદ.</u>

ક્રિ.કેસ નં. **૭૮૪૯૮/૨૦૨૩**

ફરીયાદીઃ સરકારશ્રી

વિરુધ્ધ

આરોપીઃ વસીમ સફીભાઈ માલેક

કલમઃ ઈ.પી.કો.કલમ–૨૭૯ , તથા એમ.વી.એકટ કલમ– ૧૮૧,૧૮૪ મુજબ

**<u>ઠરાવ</u>**

૧. ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે આ કામના આરોપીએ જાહેર રોડ ઉપર પોતાનું વાહન બેદરકારી રીતે હંકારી ઈ.પી.કો.કલમ– ૨૭૯ તથા એમ.વી.એકટ કલમ– ૧૮૧,૧૮૪ મુજબ નો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

૨. આરોપી આજ રોજ કોર્ટ સમક્ષ હાજર રહેતા આરોપીને ચાર્જશીટના પેપર્સ આપવામાં આવેલ છે અને આરોપીની પ્લી લેતા તેણે સદર ગુન્હાની કબુલાત કરેલ છે. જેથી આરોપીની ગુના કબુલાત અંગે તેને કસુરવાન ઠેરવ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. પરંતુ આરોપી તેના ગુન્હાનો અહેસાસ કરે છે અને ભવિષ્યમાં ફરી આવો ગુન્હો નહી કરે તેવી બાંહેધરી આપે છે, ત્યારે આરોપી ના સંજોગો નીગાહે લેવામા આવેછે અને સુધરવાની તક આપવા માટે સખ્ત સજા નહી કરતા દંડની સજા ફરમાવવાના નિષ્કર્ષ ઉપર આ અદાલત આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવેછે.

**હુકમ**

ઈ.પી.કો.કલમ–૨૭૯ તથા એમ.વી.એકટ કલમ–૧૮૧,૧૮૪ ના ગુન્હા માટે સીઆરપીસી કલમ-૨૫૨ અન્વયે તકસીરવાન ઠેરવવામા આવેછે અને આરોપીને **રૂ.૫૦૦/- (અંકે રૂપીયા પાંચ સો પુરા)નો દંડ** તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવામા આવેછે.જો દંડ ન ભરે તો દિન- ૨૦ની સજા કરવામા આવે છે. એમ.વી.એકટની કલમ–૨૧૦ મુજબ ઉપરોકત હુકમની જાણ જે તે લાગુ પડતી આર.ટી.ઓ. કચેરીને કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

**(મનોજકુમાર રાધેશ્યામ લાલવાણી)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૫,અમદાવાદ.
(Code No. GJ01124)

અમદાવાદ.
તા.૦૯/૦૯/૨૩